" સાફલ્યગાથા "

તા.૦૬/૦૨/૨૦૧૭ થી  તા.૧૨/૦૨/૨૦૧૭

**મુદ્દા નંબર (૧)   જો જિલ્લા કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય, કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોય.**

❖ ગુમ થયેલ બાળકોના ફોટાઓ પ્રસિધ્ધ કરવા, મુળ સરનામે મીસીંગ સેલની ટીમો મોકલી વધુમાં વધુ ગુમ થયેલ વ્યકિત/બાળકો શોધી કાઢવા પ્રયત્નો ચાલુ છે.

❖ ગુમ થયેલ વ્યકિત/બાળકો ના ફોટાઓ જિલ્લાની " સેતુ " એપ્લીકેશન ઉપર અપલોડ કરી બહોળી પ્રસિધ્ધિ કરવામાં આવે છે.

❖ ગુમ થયેલ બાળકોને શોધવા વેબસાઇટ http://trackthemissingchild.gov.in/missing/ index.php ઉપર ગુમ થયેલા અને પરત મળેલ બાળકોની ઓનલાઇન એન્ટ્રી કરવામાં આવે છે.

❖ કડોદરા પો.સ્ટે I ગુ.ર.ન.૧૩૪/૨૦૧૬ ઇ.પી.કો.કલમ ૩૬૩,૩૬૬ના કામે અપહરણ થનાર –મમતાબેન D/O પ્રેમચંદ ચંપાલાલ શર્મા ઉ.વ.૧૫ વર્ષ ૮ માસ રહે,અંત્રોલી,રામનગર બી-બ્લોક તા.પલસાણા જી.સુરત નાની તા.૦૭/૦૨/૨૦૧૭ના રોજ પરત મળેલ છે.

## ❖ જિલ્લામાં બનેલ વિવિધ ગુનાઓમાં પકડી પાડેલ આરોપીની માહિતી

❖ માંગરોલ પો.સ્ટે. I-ગુ.ર.નં.૦૯ /૨૦૧૭ ઇ.પી.કો કલમ ૩૦૭,૧૪૩, ૧૪૭, ૧૪૮,૧૪૯, ૩૨૩,૫૦૪, ૫૦૬(૨),૪૨૭ મુજબના ગુનાના કામે આરોપી (૧)જીતેંદ્રભાઇ ઉર્ફે જીતુભાઇ S/O અંબાલાલ કોળી પટેલ ઉ.વ.૩૮ (૨) દુલ્લભભાઇ છગનભાઇ કોળી પટેલ ઉ.વ.૫૬ (૩) ઉપેન્દ્ર ઉર્ફે ઉપેશભાઇ S/O સુખાભાઇ કોળી પટેલ (૪) સુરેશભાઇ કળીદાસભાઇ વસાવા ઉ.વ. ૫૦ તમામ રહેવાસી. રણકપોરગામ તા.માંગરોલ જી.સુરતનાઓને તા.૦૮/૦૨/૨૦૧૭ ના કલાક ૧૬/૧૫ વાગે અટક કરેલ છે.

❖ માંગરોલ પો.સ્ટે. I-ગુ.ર.નં. ૦૯/૨૦૧૭ ઇ.પી.કો કલમ ૩૦૭,૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯, ૩૨૩,૫૦૪, ૫૦૬(૨),૪૨૭ મુજબ ગુનાના કામે આરોપીઓ (૧)હિરેનભાઇ S/O પંકજભાઇ કોળી પટેલ ઉ.વ.૨૬ રહે. રણકપોરગામ ડેરી ફળીયુ તા. માંગરોલ જી.સુરત (૨) મહેન્દ્રભાઇ મંગાભાઇ કોળી પટેલ ઉ.વ.૨૬ રહે. રણકપોર ગામ ડેરી ફળીયુ તા.માંગરોલ જી.સુરત (૩) અશ્વિનભાઇ S/O રણછોડ ઉર્ફે રમેશભાઇ કોળી પટેલ ઉ.વ.૩૦ રહે. રણકપોરગામ માતા ફળીયુ તા.માંગરોલ જી.સુરત (૪) નિતીનભાઇ S/O રણછોડ ઉર્ફે રમેશભાઇ કોળી પટેલ ઉ.વ.૨૪ રહે. રણકપોરગામ માતા ફળીયુ તા.માંગરોલ જી.સુરત (૫) અનિલભાઇ S/O ચિમનભાઇ વસાવા ઉ.વ.૨૫ રહે.રણકપોરગામ માતા ફળીયુ તા.માંગરોલ જી.સુરત(૬) રાજેંદ્રભાઇ S/O સુખાભાઇ વસાવા ઉ.વ.૩૫ રહે. રણકપોરગામ નંદી (૭) ભુપેંદ્રભાઇ S/O સુખાભાઇ પટેલ ઉ.વ.૪૦ રહે. રણકપોરગામ ડેરી ફળીયુ તા.માંગરોલ જી.સુરત (૮) દિનેશભાઇ S/O દલપતભાઇ પટેલ ઉ.વ.૪૨ રહે.રણકપોરગામ ડેરી ફળીયુ તા.માંગરોલ જી.સુરત નાઓને તા.૦૮/૦૨/૨૦૧૭ ના કલાક ૨૦/૧૫ વાગે અટક કરેલ છે.

❖ કડોદરા જી.આઈ.ડી.સી.પો.સ્ટે I ગુ.ર.નં. ૧૭/૨૦૧૭ IPC,કલમ ૩૭૯, મુજબ ગુનાના કામે આરોપીઓ સોનુ ઉર્ફે ધમેન્દ્ર ઉર્ફે હનીસીંગ નારાયણ પાંડે, હાલ રહે. તાતીથૈયા સંપતિ રેસીડેન્સી, તા.પલસાણા જી.સુરત, મુળ રહે. ગાંવ કરભી, થાના – કરભી પોસ્ટ એચવારા, તા. ચિત્રકુટ જી. ચિત્રકુટ (યુ.પી.) નાઓને તા ૦૯/૦૨/૨૦૧૭ કલાક 21/00 વાગ્યે અટક કરેલ છે.

❖ બારડોલી પો.સ્ટે. I ગુ.ર.ન.૧૫/૨૦૧૭ ઇ.પી.કો.કલમ- ૨૭૯, ૪૨૭, મો.વ્હી.એકટ ૧૭૭, ૧૮૪, ૧૩૪ તથા પ્રોહી એકટ કલમ ૬૫ ઇ, ૮૧, ૮૩ મુજબ ગુનાના કામે આરોપીઓ અમિત જીતુભાઇ દરબાર રહે.કણાઇ ગામ તા.બારડોલી નાને ૧૧/૦૨/૨૦૧૭ સમય: ૨૦/૧૫ વાગ્યે અટક કરેલ છે.

# અત્રાલી ગામની તરૂણી અપહરણ કરનારને પંજાબથી ઝડપી લેવાયો

## તરૂણી હેમખેમ પરત આવતા પરિવારમાં આનંદ

ભાસ્કર ન્યૂઝ | બારડોલી

ગત 4 ડિસેમ્બર 2016ના રોજ પલસાણા તાલુકાના અંત્રોલીગામેથી 16 વર્ષીય સગીરાને લગ્નની લાલચે અપહરણ કરીને લઈ જનાર આરોપીને મોબાઈલ કોલ ડિટેલ અને લોકેશનને આધારે કડોદરા પોલીસ પંજાબના જલંધર ખાતેથી પકડી લાવી હતી.

પલસાણા તાલુકાના અંત્રોલી ગામે રામનગર સોસાયટીમાં સાત્વન હોમ બી બ્લોકમાં રહેતા મૂળ રાજસ્થાનના પરિવારની 16 વર્ષીય દીકરીને લગ્નની લાલચે લલચાવી ફોસલાવીને ધનંજય જયશ્વાલ (27) નામનો આરોપી ભગાડી ગયો હતો. જે અંગે કડોદરા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં અપહરણની ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસ મોબાઈલ કોલ ડિટેલ અને લોકેશનના આધારે તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આરોપીનું લોકેશન પંજાબના જલંધર વિસ્તારમાં આવી રહ્યું છે. જે હકીકતને આધારે કડોદરા પોલીસ સ્ટેસનમાંથી એક ટીમ તપાસ માટે પંજાબ ગઈ હતી. અને જલંધર ખાતેથી સ્થાનિક પોલીસની મદદને આધારે આરોપીની ધરપકડ કરી સગીરાનો કબજો મેળવ્યો છે. હાલ પોલીસ તેમને કડોદરા ખાતે લઈ આવ્યા બાદ મેડિકલ તપાસ શરૂ કરી છે

# કડોદરામાં પકડાયેલા આરોપીએ તાંતીથૈયાથી પણ બાઈક ચોર્યું હતું

## નંબર પ્લેટ કાઢીનાખીને બાઈક ફેરવતો હતો

ભાસ્કર ન્યૂઝ | બારડોલી

સુરત જિલ્લા એલસીબી પોલીસે કડોદરા વિસ્તારમાંથી પકડેલા રીઢા વાહનચોર પાસે કબજે લીધેલ બાઈક તાંતીથૈયા ખાતે આવેલ દેવીપૂજા સોસાયટીમાંથી ચોરી કરાયું હતું.

સુરત જિલ્લા એલસીબી પોલીસ સ્ટાફના માણસોએ પ્રિયંકા ગ્રીન સિટી ખાતેથી સોનુ ઉર્ફે ધર્મેન્દ્ર ઉર્ફે હનીસિંગ નારાયણ પાંડે ને એક બાઈક સાથે ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી ચોરીના બે પલ્સર કબજે લીધા હતાં. આ આરોપી તેમના સાગરીતો સાથે સુરત શહેરમાં પણ મોટરસાઈકલ તેમજ ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલો હતો. પોલીસ તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે હનીસિંગે તાંતીથયૈય ખાતે આવેલ દેવી પૂજા સોસાયટીમાં ગત 31મી જાન્યુઆરીના રોજ વિશાલ કુમાર ફતેસિંગ વસાવાનું ઘરના આંગણામાં પાર્ક કરેલ (GJ-7CH-7821) નંબરનું બજાજ પલ્સર મોટરસાઈકલની ચોરી કરી હતી અને ત્યારબાદ આ મોટરસાઈકલનું નંબરપ્લેટ કાડી નાંખી હનીસિંગ ફેરવતો હતો. આ અંગે વિશાલ કુરમાર વસાવાની ફરિયાદ લઈ આગળની તપાસ કડોદરા પોલીસે હાથ ધરી છે.

# દેલાડના સુમુલ પાર્લરમાં થયેલી ચોરીમાં ટેમ્પો ડ્રાઈવર અને લોડરની ધરપકડ

## સીસીટીવી ફૂટેજના આધારે 7 કેરેટ દૂધની ચોરીનો ભેદ ઉકેલાયો

ભાસ્કર ન્યૂઝ | ઓલપાડ

દેલાડ ગામે આવેલ સુમુલ પાર્લર પર ચોરી કરવાની ઘટનામાં સીસીટીવી ફૂટેજના આધારે ઓલપાડ પોલીસે ટેમ્પો ચાલક અને લોડરની ધડપકડ કરાઈ છે.

ઓલપાડ તાલુકાના દેલાડ ગામે આવેલ સુમુલ ડેરી પાર્લર પર રોજની માફક ઓર્ડર કરાયા મુજબનું દૂધ અને છાશની ડીલેવરી કરવા ગત તારીખ 5-2-2017 ની વહેલી સવારે 3 વાગ્યે સુરત સુમુલ ડેરી પરથી ટેમ્પો નંબર (જીજે-19 - એક્ષ - ૪૪૪૯)માં 7 કેરેટ અમુલ ગોલ્ડ દૂધ અને 3 કેરેટ અમુલ તાજા દૂધ 4 કેરેટ સાદી છાશનો ઓર્ડર મુજબનો સ્ટોક લઈને ટેમ્પો ચાલક રામુ વર્મા રહે સુમુલડેરી ના પાર્કિંગમાં અલ્કાપુરી સુરત તથા ટેમ્પો ક્લીનર કમ લોડર સુરેશ રાવલ રહે કોસાડ આવાસ સુરત શહેર આવેલ જયારે રોજ છાશ અને દૂધની ડીલેવરી કરવામાટે ટેમ્પો આવતો ત્યારે તેમના ચાલક દ્વારા પાર્લરના મેનેજર ફરિયાદી એવા રમેશભાઈ ઉત્તમભાઈ કંથારીયાને ફોન કરી જાણ કરતો પણ ચોરીની ઘટના બની તે દિવસે રમેશભાઈને ફોન કર્યાવીના દૂધ અને છાશની ડીલેવરી કરી ચાલી ગયેલ ત્યારે 5 તારીખે સવારે રમેશભાઈ પાર્લરપર આવ્યા ત્યારે તેમણે કરેલા ઓર્ડર કરતા દૂધ અને છાશ ઓછી હોઈ તેમણે મંડળીના અન્ય સભ્યને બોલાવી મંડળીમાં લગાવેલ સીસીટીવીના ફૂટેજ ચેક કરાવતા ટેમ્પો દ્વારા દૂધને છાશની ડીલેવરી કર્યાબાદ તુરંત જ આવેલ એક અજાણી રિક્ષામાં 7 કેરેટ અમુલ ગોલ્ડ દૂધ કિંમત રૂપિયા 4536 અને 7 ખાલી કેરેટની કિંમત રૂપિયા 1400 મળી 5936 ના માતાની ચોરી કરી હતી. ટેમ્પો ચાલક રિક્ષામાં આવેલ અજાણ્યા ઈસમોની મિલીભગતમાં ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. આ ચોરીમાં ઓલપાડ પોલીસે ટેમ્પો ચાલક રામુ વર્મા અને ક્લીનર કમ લોડર સુરેશ રાવલની ધડપકડ કરી તેમના રિમાન્ડ મેળવી અન્ય ઈસમોને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે

# કડોદરામાંથી ચોરીના બે બાઇક સાથે રીઢો ઘરફોડચોરને દબોચી લેવાયો

## ધર્મેન્દ્ર સામે સુરત શહેરમાં ઘરફોડચોરી અને મારામારીના ગુના નોંધાયા છે

ભાસ્કર ન્યૂઝ | બારડોલી



સુરત જિલ્લા એલસીબી પોલીસ સ્ટાફના માણસોએ પલસાણા તાલુકાના કડોદરા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતાં તે દરમિયાન નુરી મીડિયાની પાછળથી ચોરીના મોટરસાઈકલ સાથે એક આરોપીને ઝડપી પાડી તેમની પાસેથી અન્ય એક ચોરીનું મોટરસાઈકલ કબજે લીધુ હતું. આ આરોપી અગાઉ સુરત શહેર અને અન્ય વિસ્તારમાં મોટરસાઈકલ તેમજ ઘરફોડ ચોરીના ગુનામાં વોન્ટેડ છે.

આ અંગે મળતી માહિતી અનુસાર સુરત જિલ્લા એલસીબી પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતાં ત્યારે ખાનગી રાહે બાતમી મળી હતી કે હનિસિંગ પાંડે નામનો ઈસમ ચોરી કરી લાવેલ કાળા કલરની પલ્સર મોટરસાઈકલ સાથે પલસાણા તાલુકાના કડોદરા ખાતે નુરી મીડિયાની પાછળ પ્રિયંકા ગ્રીન સિટીમાં આવનાર છે. ચોક્કસ બાતમીને આધારે પોલીસે વોચ ગોઠવીને નંબર વગરની પલસર મોટરસાઈકલ ઉપર સોનુ ઉર્ફે ધર્મેન્દ્ર ઉર્ફે હનીસિંગનારાયણ પાંડે (25) (રહે. તાંતીથૈયા સંપત્તી રેસીડેન્સી, તા. પલસાણા, જિ.સુરત. મૂળ રહે. ચીત્રકુટ યુપી)નાઓ આવતાં પોલીસે તેને પકડી લીધો હતો. તેના કબજામાંથી પકડાયેલી પલસર મોટર સાઈકલ કિંમત 60000 પોલીસે પકડી લઈ પૂછતાછ કરતાં તેમની પાસેથી ચોરીની અન્ય એક નંબર વગરની પલ્સર મોટરસાઈકલ કિંમત ૪0000 બે મોબાઈલ કિંમત 13000 રૂપિયા મળી 1,53,000 રૂપિયાનો મુદ્દામાલ કબજે કરીને પૂછતાછ કરતાં પોલીસે અલગ અલગ વિસ્તારમાં વાહન ચોરી તેમજ ઘરફોડ ચોરી કરી હોવાની કબુલાત કરી હતી.

## માંડવી પોલીસ દ્વારા વ્યસન મુક્તિની રેલીનું આયોજન



માંડવી પીએસઆઈ એચ. એમ. ચૌહાણના માર્ગદર્શન હેઠળ હે. કો કાળુભાઈ પટેલ તથા મહેન્દ્ર ગામીત તથા ચીમનભાઈ ચૌધરી દ્વારા વી. એફ. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ સાથે વ્યસન મૂક્તિની રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. માંડવી નગરના મુખ્ય માર્ગો પરથી પસાર થયેલી રેલીમાં વિદ્યાર્થીઓએ વ્યસનમૂક્તિના બેનરો સાથે નારા બોલીને જન જાગૃતિ લાવવાના પ્રયાસો કર્યા હતો. દારૂ તથા ગુટખા જેવા વ્યસનોથી પરિવારને થતાં નુકસાન તથા શરીરને પહોંચતી હાની અંગે માહિતી આપી હતી. તસવીર - ભાસ્કર

# 06-02-2017 to 12-02-2017 Weckly Call detail.

| Call Grade | Category | Number of Calls | |
|---|---|---|---|
| 0 | Miss Calls | 25 | 41 |
| | Drop calls | 15 | |
| | Wrong Calls | - | |
| | Blank calls | 01 | |
| 1 | Information Calls | 44 | |
| 2 | Receive Calls | 46 | |
| 3 | Follow up Calls | 57 | |
| | Total Calls | 188 | |

| Category | Number of Calls | Total |
|---|---|---|
| Male | 81 | |
| Female | 45 | |
| NA | 62 | |
| Student | 14 | |

**મુદા નંબર (૩)  ટ્રાફીક અંગેના કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ હોય.**

- ❖ ટ્રાફીક જનજાગૃતિ અંગે નેશનલ હાઇવે તેમજ અન્ય રસ્તાઓ ઉપર જુદા જુદા પ્રકારના સાઇન બોર્ડ લગાડવામાં આવેલ છે.
- ❖ ટ્રાફીકના એજયુકેશન બોર્ડની પબ્લીક ના સહયોગ દ્વારા ખુબજ ટુંકા ગાળામાં શરૂઆત કરવામાં આવનાર છે.

**મુદા નંબર (૪)  ગુનાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટેજી અપનાવવામાં આવેલ છે.**

- ❖ નેશનલ હાઇવે નંબર ૮ ઉપર નાઇટ રાઉન્ડ દરમ્યાન સેકટરવાઇઝ ક્રોસ પેટ્રોલીંગ રાખેલ રાખવામાં આવે છે.  હોટલો, ઢાબા, તેમજ વાહનોનું ચેકીંગ સઘન બનાવવામાં આવેલ છે.
- ❖ વારંવાર કોમ્બીંગ નાઇટ રાખી શક પડતા ઇસમો, એમ.સી.આર.ઇસમો, અવાવરુ જગ્યા, રેલવે સ્ટેશન, હોટલ ધાબા, વાહન ચેકીંગ તેમજ નાકાબંધી રાખવામાં આવે છે.
- ❖ એસ.ઓ.જી.અને BDDS ની ટીમ અને આધુનિક ઉપકરણો દ્વારા જાહેર સ્થળો, વાયટલ ઇન્સ્ટોલેશન, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ, જાહેર પાર્કિંગ સ્થળો, ભીડ વાળી જગ્યાઓ, મંદીર,  વિગેરે સ્થળો ઉપર અવારનવાર સઘન ચેકીંગ કરવામાં આવે છે.